**પોરબંદરનાં એડી. સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મું. પોરબંદર.**

**ફોજદારી પરચુરણ અરજી નંબરઃ– ૧/૨૦૧૮**

**અરજદારઃ**

ભરત અરશીભાઈ મેર,
ઉ.વ.–૩૫, ધંધો–ખેતી,
રહે. રાણાવાવ ખાખરીયા મહાદેવ મંદિર
ની બાજુમાં, ગ્રીન સોસોયટી,
રાણાવાવ.

**વિરૂદધ**

**સામાવાળાઃ**

ધી સ્ટેટ ઓફ ગુજરાત
ડી.જી.પી. ઓફીસ,
પોરબંદર.

---

શ્રી એન.ડી.ખત્રી વિ. વકીલશ્રી, અરજદાર તરફે,

શ્રી એ.જે.લીલા વિ. એ.જી.પી.શ્રી સામાવાળા તરફે.

---

**–:: ચુકાદો ::–**

**૧)** આ કામનાં અરજદાર–આરોપી સામે રાણાવાવ પોલીસ સ્ટેશન ગુના રજી નંબરઃ I–૮૨/૨૦૧૭ થી ભારતીય દંડ સહીંતાની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૯, ૧૬૦, ૧૮૬, ૩૩૨, ૨૯૪(ખ), ૪૨૭, ૫૦૪ તથા પ્રવેન્સન ઓફ ડેમેઝીઝ પબ્લીક પ્રોપર્ટી એકટની કલમ–૩(૧), ૩(૨)વિગેરે મુજબનાં ગુના સબબ આગોતરા જામીન ઉપર મુકત થવા હાલની ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૮ મુજબની અરજી કરેલ છે.

**૨)** અરજદારની ઉપરોકત અરજી અનુસંધાને ફરીયાદપક્ષને સરકારી વકીલશ્રી ને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ છે અને ફરીયાદપક્ષે વિ.એ.જી.પી. શ્રી એ.જે.લીલા હાજર થયેલ અને તપાસ કરનારનું સોગંદનામું રજુ કરેલ છે.

**૩)** આ કામનાં અરજદાર–આરોપીએ આગોતરા જામીન મુકત થવા માટે જે કારણો જણાવેલ છે તે તમાંમ અરજીમાં લેખીત સ્વરૂપે ઉપલબ્ધ હોય તથા આ હુકમ તે અરજી સંલગ્નનો જ હોય,

તે તમાંમ કારણોનું અત્રે પુનરાવર્તન કરેલ નથી, પરંતુ તમાંમ અરજીનાં કારણો વંચાણે અને ધ્યાને લેવામાં આવેલ છે.

૪) આ કામનાં અરજદાર સામેનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઇ તા.૨૧/૧૨/૨૦૧૭ નાં રોજ પોલીસ સ્ટેશનમાં કાંધલ જાડેજા તથા અન્ય લોકો સાથે અસભ્ય વર્તન કરીને ગેરકાયદેસર મંડળી રચીને ફરીયાદી ની સાથે ગાળાગાળી કરીને તેઓને ફરજમાં રૂકાવટ કરીને પોલીસ સ્ટેશનનો ફોન તોડી નાખીને રૂ.૧૦૦૦/- જેટલું નુકસાન કરીને નાસી ગયેલ. આ બનાવ અંગેની ફરીયાદ નોંધવામાં આવેલ.

૫) આ કામે અરજદાર-આરોપી તરફથી રજુ થયેલ આગોતરા જામીન અરજી તથા તેઓ તરફથી રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. તેમજ સરકારશ્રી તરફથી રજુ થયેલ તપાસનીશ અધિકારીશ્રીનું સોગંદનામું અને તપાસનાં પેપર્સ વંચાણે લીધા. તેમજ અરજદાર તરફથી વિ. વકીલશ્રી એન.ડી.ખત્રી અને સરકારશ્રી તરફથી વિ.સરકારી વકીલ.શ્રી એ.જે.લીલા ની વિસ્તૃત રજુઆતો સાંભળવામાં આવી.

૬) આ કામનાં અરજદાર તરફથી તેઓનાં વિ. વકીલશ્રીની રજુઆત છે કે, હાલનાં અરજદાર/આરોપી સામે જે ગુનાનો આરોપ છે તેમાં આરોપી નિર્દોષ છે. આ કામે મુખ્ય આરોપીને આ કોર્ટ દ્વારા જામીન મુકત કરવામાં આવેલ છે. તેમજ આરોપીની ગેરહાજરીમાં તપાસ આગળ વધી શકે તેમ છે. તેમજ જે કોઇ શરતો ફરમાવશે તેનું પાલન કરવા તૈયાર છીએ. આ તમાંમ સંજોગોને ધ્યાને લઇને અરજદારને આગોતરા જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

૭) આ કામે સરકારશ્રી તરફથી વિ. એ.જી.પી. શ્રી એ.જે.લીલાની રજુઆત છે કે, આ કામનાં અરજદાર-આરોપીએ ગંભીર પ્રકારનાં ગુના કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, આ કામની તપાસ ચાલું છે અને આ તપાસમાં હાલનાં અરજદાર-આરોપી ની હાજરીથી તપાસ આગળ વધી શકે તેમ છે. તેમજ આરોપી જામીન ઉપર છુટયા બાદ ફરી આવા ગુનાઓ કરશે અને કેસ ચાલશે ત્યારે હાજર રહેશે નહી. તેમજ આરોપી સામેના ગુનાની ગંભીરતાં લક્ષમાં લેતાં આરોપીની હાલની આગોતરા જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

૮) બન્ને તરફેની મૌખિક રજુઆતો બાદ કાયદાકીય સ્થિતિ અંગે પણ જોવામાં આવે તો કોઇ પણ બીનજામીનપાત્ર ગુનાનાં કામનાં આરોપીને જામીન મુકત કરવો કે કેમ? તે બાબત ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૮ ની જોગવાઇ મુજબ અદાલતની વિવેકબુધ્ધિની સતાને આધિન છે. પરંતુ, આવી

વિવેકબુધ્ધિની સતા મનસ્વી રીતે ન વાપરતાં કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંતો અને મર્યાદાઓમાં રહીને વાપરવી પણ આવશ્યક છે.

૯) જયાં સુધી આગોતરા જામીન માટેની અરજીનાં નિર્ણય સમયે ધ્યાને લેવા જેવી બાબતનો પ્રશ્ન છે ત્યાં સુધી સામાન્ય રીતે આરોપી સામેનાં ગુનાનાં સ્વરૂપ તથા આરોપીની તેમાં સંડોવણી તથા તપાસ પર થનાર અસર તથા આરોપી નાસી ભાગી જાય તેમ છે કે કેમ ? તેમજ, ફરીયાદી–સાહેદો વિગેરેને ફોડવા–ફેરવવાં પ્રયત્ન કરવાની શકયતાં, ટ્રાયલ દરમ્યાનની તેની હાજરીની શકયતાં, સમાજ પરની અસર વિગેરે તમાંમ બાબતોને ધ્યાને લઈ આગોતરા જામીન અરજીનો નિર્ણય કરવાનો રહેતો હોય છે.

૧૦) ઉપરોકત તમાંમ બાબતોને ધ્યાને લેતાં નામદાર સુપ્રિમ કોર્ટનાં 2011(1) Crimes Page No.103, સિધ્ધરામ મ્હાત્રેનાં ચુકાદાનાં સંજોગોને ધ્યાને લેવામાં આવેલ છે.

૧૧) આ કામે રજુ થયેલ પોલીસ પેપર્સ જોવામાં આવે તો અરજદાર–આરોપી સામે પોલીસ સ્ટેશનમાં ગાળા ગાળી કરીને ફરીયાદીને ફરજમાં રૂકાવટ કર્યાનો આક્ષેપ છે. આ કામે તપાસનાં પોલીસ પેપર્સ વંચાણે લેવામાં આવે તો અરજદાર/આરોપીઓની હાજરી વગર પણ તપાસ આગળ વધી શકે તેમ છે. આમ, હાલનાં અરજદાર/આરોપીઓ સામેનાં ગુનાની ગંભીરતાં તેઓની ભુમીકા ધ્યાને લેવામાં આવી, તેમજ અરજદાર સ્થાનીક રહેવાસી છે. જેથી આરોપી નાસી જવાની શકયતાં રહેલી નથી. તેમજ આ કામે અન્ય આરોપીઓને જામીન મુકત કરવામાં આવેલ છે. આ સંજોગોમાં હાલનાં આરોપીની ભુમીકા અને અન્ય આરોપીઓની ભુમીકા એકસરખી છે. તેમજ તપાસ કરનારે જે શંકા પોતાનાં સોગંદનામામાં વ્યકત કરેલ છે તેને યોગ્ય શરતોને આધીન તે ભયસ્થાનને દુર કરી શકાય તેમ છે. તેમજ તપાસ કરનારનાં સોગમદનામાં નાં કારણો સાથે સહમત થતા ન હોય, આરોપીઓ/અરજદારને આગોતરા જામીન ઉપર મુકત કરવાનું ઉચીત કારણ માનું છું.

૧૨) વધુમાં જયાં સુધી વિ. એ.જી.પી. તરફે રજુઆત અનુસંધાને જયાં સુધી રેકર્ડ ઉપરનાં સંજોગો જોતાં આરોપી/અરજદારને એક માત્ર કસ્ટડીમાં રાખવા અનિવાર્ય હોય તેવાં કોઈ સચોટ કારણો જણતાં નથી અને આગોતરા જામીન મંજુર કર્યા બાદ પણ તપાસ કરનાર અમલદાર ગુન્હાની યોગ્ય રીતે તપાસ કરી શકે તેમ હોય, અને જયારે પણ અરજદાર/આરોપીની આવશ્યકતાંનાં સમય જો અરજદાર/આરોપીની વ્યકિતગત હાજરીની જરૂર જણાય કે અરજદાર/આરોપીને રીમાન્ડ ઉપર લેવાની આવશ્યકતાં જણાય તેવાં સંજોગોમાં તપાસ કરનાર માટે તે અંગનો વિકલ્પ ખુલ્લો રાખી જો

અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવે તો તે ન્યાયોચિત રહેશે અને તપાસમાં કોઇ અડચણ આવશે નહી તેવું માનીને હાલની અરજી મંજુર કરવાપાત્ર જણાતી હોય, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુ ક મ ::-</u>**

૧) આ કામનાં અરજદાર/આરોપીની ક્રિ.પ્રો.કોડની કલમ-૪૩૮ મુજબ આગોતરા જામીન ઉપર મુકત થવાની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

૨) આ કામનાં અરજદાર/આરોપી ભરત અરશીભાઇ મેર, રહે. રાણાવાવ નાં ઓને રાણાવાવ પોલીસ સ્ટેશન ગુનાં રજી નંબરઃ I-૮૨/૨૦૧૭ નાં કામે ભારતીય દંડ સંહીતાની કલમ-૧૪૩, ૧૪૯, ૧૬૦, ૧૮૬, ૩૩૨, ૨૯૪(ખ), ૫૦૪, ૪૨૭ તથા પ્રિવેન્શન ઓફ ડેમેઝીઝ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટની કલમ-૩(૧), ૩(૨) વિગેરે મુજબનાં ગુન્હાની ફરીયાદનાં કામે જો આ ગુન્હાનાં તપાસ કરનાર અમલદાર દ્વારા ધરપકડ કરવામાં આવે તો અરજદાર/આરોપી રૂ.૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર) નાં સધ્ધર જામીન અને તેટલી જ રકમનાં જાતમુચરકા રજુ કર્યેથી તેઓને નીચેની શરતોને આધીન આગોતરા જામીન ઉપર મુકત કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

**<u>શરતોઃ</u>**

(૧) અરજદાર/આરોપીએ પોલીસને તપાસનાં સહકાર આપવો, તેમજ ઓળખ પરેડ અંગે આવશ્યકતા જણાય તો હાજર રહી સહકાર આપવો.

(૨) અરજદાર/આરોપીએ ફોટો આઇડેન્ટીટી પ્રુફ ધરાવતાં જામીન રજુ કરવાં.

(૩) અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષનાં સાહેદોને ધાક-ધમકી આપવી નહી કે લોભ-લાલચ આપીને ફોડવાનો પ્રયત્ન કરવો કરાવવો નહી અને તપાસનાં કામે સહકાર આપવો.

(૪) તપાસ કરનાર અમલદારને અરજદાર/આરોપીનાં રીમાન્ડ મેળવવાની આવશ્યકતાં જણાય તો તે આ હુકમથી પ્રભાવિત થયા વગર તટસ્થ રીતે રીમાન્ડ મેળવવા કાર્યવાહી કરી શકશે અને તેવી અરજી જો તપાસ કરનાર અમલદાર દ્વારા કરવામાં આવે તો નીચેની કોર્ટનાં વિ. મેજીસ્ટ્રેટે તેનો ગુણદોષ નાં આધારે નિર્ણય કરવાનો રહેશે.

(૫) આ કામેની ફરીયાદ સંદર્ભે હાલનાં અરજદાર/આરોપી સામેની તપાસ પુર્ણ થતાં સુધી

આરોપીએ દરમાસની પહેલી તારીખે સવારે કલાક–૧૦/૩૦ થી સાંજે ૧૭/૦૦ નાં સમયગાળા દરમ્યાન રાણાવાવ પોલીસ સ્ટેશનનાં તપાસ કરનાર અધિકારી સમક્ષ હાજરી પુરાવવી તથા આવશ્યકતાં પ્રમાણે તપાસમાં સહકાર આપવો.

(૬) ટ્રાયલ કોર્ટની પુર્વ પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહી અને જો અરજદાર પાસપોર્ટ ધરાવતાં હોય તો તે પાસપોર્ટ સંબંધિત જયુ. મેજી.,રાણાવાવ સમક્ષ જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતાં ન હોય તો તે અંગેનું સોગંદનામું રજુ કરવું.

********************

૩) આ હુકમની યાદી સંબંધિત કોર્ટને તથા પોલીસ સ્ટેશનને લેખીતમાં મોકલવી.

આ હુકમ આજરોજ તારીખઃ ૩, માહેઃ જાન્યુઆરી, સનેઃ૨૦૧૮, નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

Date : 03/01/2018
Place :Porbandar.

**(Rakesh Rajnikant Bhatt)**
Add. District Sessions Judge,
Porbandar.
(Code : GJ00608)

SELF